# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-06-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર જયેશ વેગડા વાંચે છે.

---

- આજથી ગાજવીજ સાથે વરસાદની હવામાન વિભાગની આગાહી.. ગઇકાલે મોડી સાંજે વલસાડમાં વરસાદ વરસ્યો
- જર્જરિત મકાનોને ઉતારી લેવાની આજથી જામનગર મહાનગરપાલિકાની કામગીરી... જર્જરિત મકાનોમાં રહેતા લોકોને વૈકલ્પિક વ્યવસ્થાની ખાત્રી
- નવી શિક્ષણનીતિ અંતર્ગત હવે ગુજરાત યુનિવર્સિટીમાં ઉદ્યોગોની માંગ આધારિત નવા અભ્યાસક્રમ શરૂ કરવાની જાહેરાત.. ગુજરાત રાજ્ય વ્યાપારી મહામંડળ સાથે ચર્ચા બાદ નિર્ણય કરાયો
- ફાયર સેફ્ટી અંગે જાગૃતિ માટે વાઘોડિયાની જીઆઇડીસી ખાતે મોકડ્રિલ યોજાઇ... ગેસ ગળતર અને આગની ઘટનામાં તકેદારી રાખવા માટેની જાગૃતિ માટે મોકડ્રિલ યોજાઇ
- પંદરમી જૂનથી પંદર ઓક્ટોબર દરમિયાન રાજ્યના તમામ અભયારણ્યોમાં મુલાકાતીઓના પ્રવેશ પર પ્રતિબંધ...વન્ય પ્રાણીઓના સંવનન કાળ અને ચોમાસાની સ્થિતિને ધ્યાનમાં રાખીને પ્રતિબંધ

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# WEATHER

રાજયમાં કાળઝાળ ગરમી વચ્ચે ધીમા પગલે ચોમાસાના આગમનની હવામાન વિભાગે આગાહી કરી છે..

હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલી આગાહી અનુસાર આવતા સાત દિવસ દરમિયાન  મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદ વરસે તેવી શકયતા છે.

ગઇકાલે સુરેન્દ્રનગરમાં સૌથી વધુ તાપમાન 42.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતું જ્યારે અમદાવાદમાં 42, રાજકોટમાં 41.9, ગાંધીનગરમાં 41.8  અને અમરેલીમાં 41. 7 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતુ..

-----------------------------------------------------------------------

-રીપીટ

# VALSAD RAIN

વલસાડ જિલ્લામાં શુક્રવારે મોડી સાંજે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. ધરમપુર અને કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં સામાન્ય થી વધુ ગતિએ પવન ફૂંકાવવાની સાથે વરસાદ પડ્યો હતો. વલસાડ જિલ્લામાં આગામી 12 જૂન સુધી સામાન્ય ગતિથી વધુ ઝડપે પવન ફૂંકાવવાની સાથે ગાજવીજની પણ આગાહી રાજ્ય હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

અચાનક વરસાદ પડતાં અંતરિયાળ વિસ્તારમાંથી પસાર થતા વાહન ચાલકોએ વરસાદમાં ભીંજાવું પડ્યું હતું. અચાનક વરસાદ પડતાં સ્થાનિક લોકોએ ગરમીમાંથી રાહત મેળવી હતી. જ્યારે કેરીના પાક ઉપર નભતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો હતો.

---

- પીટીસી – વલસાડ---હર્ષલ પંડ્યા

-(નવીન)

# JAMNAGAR DEMOLITION

જામનગરની સાધના કોલોનીમાં જર્જરિત મકાનોને જમીનદોસ્ત કરવાની કામગીરી મહાનગર પાલિકા દ્વારા હાથ ધરાઇ હતી.. આવા જર્જરિત મકાનો ગમે ત્યારે તૂટી પડે તો જાનહાની થવાની શક્યતા હોવાને કારણે તકેદારીના ભાગરૂપે આ કામગીરી કરાઇ હતી..

મનપાની એસ્ટેટ શાખા અને હાઉસીંગ બોર્ડના અધિકારીની ટુકડી સાધના કોલોની પહોંચી હતી અને મકાનનો વપરાશ બંધ કરી અન્ય સુરક્ષિત જગ્યાએ સ્થળાંતર કરી જવા સુચના આપી હતી. આ સમયે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત પણ સાથે રાખવામાં આવ્યો હતો.

આવા જર્જરિત મકાનોમાં રહેતા લોકોને સલામત સ્થળે અને વૈકલ્પિક વ્યવસ્થાની ખાત્રી આપતા લોકોએ મકાનોમાંથી ખસી જવાની તૈયારી દર્શાવી હતી.. હવે આજે આવા મકાનોને તોડી પાડવાની કામગીરી હાથ ધરાશે.

---------------------------------------------------------------------

- પીટીસી—જામનગર –હર્ષલ પંડ્યા

-(નવીન)

# GUJ UNI EDUCATION POLICY

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સ્કીલ્સ આધારિત શિક્ષણ પર ભાર મૂકે છે. જેથી વિદ્યાર્થી જ્યારે તૈયાર થઈને બહાર જાય ત્યારે ઇન્ડસ્ટ્રીઝને સ્કીલ્સ આધારિત નિષ્ણાતો મળી રહે ત્યારે ગુજરાત યુનિવર્સિટીએ ચેમ્બર ઓફ કોમર્સ સાથે બેઠક કરીને ઇન્ડસ્ટ્રીઝની જરૂરિયાત વિશે ચર્ચા કરી હતી.

નવા સત્રથી સર્ટિફિકેટ કોર્સ કે ઇન્ડસ્ટ્રીઝની માંગ આધારિત અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે, આ કોર્ષ ગુજરાત યુનિવર્સિટીની ગ્રાન્ટેડ અને સરકારી કોલેજો ચલાવશે, જે અંતર્ગત કુલ 43 કોર્સ પસંદ કરવામાં આવ્યા છે, જેમાં ડેટા એનાલિસિસ, સાયબર સિક્યુરિટી એન્ડ ડિજિટલ ફોરેન્સિક, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વગેરે કોર્સ વિદ્યાર્થીઓ કરી શકશે.

## બાઇટ- નિરજા ગુપ્તા, કુલપતિ, ગુજરાત યુનિવર્સિટી

-------------------------------------------------------------------

-પીટીસી, અમદાવાદ, હર્ષલ પંડયા -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# VAGHODIA FIRE MOCDRIL

ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અને ડિસ્ટ્રીકટ ક્રાઈસીસ ગૃપ વડોદરાના સંયુક્ત ઉપક્રમે ગેસ લિકેજ અને આગની ઈમરજન્સીમાં બચાવ રાહતકાર્યની સફળતાપૂર્વક મોકડ્રીલ યોજાઈ હતી..

વાઘોડિયા જીઆઇડીસી ખાતે આવેલ ગેલ ઇન્ડિયા ખાતે આ મોકડ્રિલ યોજાઇ હતી.. ગેસ લિકેજ થાય અને આગ કાબૂ બહાર જાય ત્યારે કરવાની કામગીરીની આ મોકડ્રિલ દ્વારા ઉચ્ચ અધિકારીઓ દ્વારા સમજ આપવામાં આવી હતી..

મોકડ્રીલના ડી-બ્રિફિંગ દરમિયાન તમામ વિભાગોના અધિકારીઓએ પરસ્પર ચર્ચા કરી હતી.. તેમજ આ કામગીરીમાં થતી ખામીઓની ઓળખ કરી તેને સુધારવા માટેના સૂચનોની આપલે કરી હતી. અહીં તમામ વિભાગની કાર્યક્ષમતાની ચકાસણી કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------

- પીટીસી- વડોદરા---હર્ષલ પંડ્યા -(નવીન)

# PANCHMAHAL SHALA PRAVESOTSAV

સમગ્ર રાજ્યમાં આગામી તારીખ ૨૭ થી ૨૯ જુનના રોજ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવશે ત્યારે પંચમહાલ જિલ્લામાં પણ સમગ્ર મહોત્સવના આયોજન અંગે બેઠક યોજાઇ હતી..

આ બેઠકમાં તમામ વ્યવસ્થાઓ કરવા, નમો લક્ષ્મી અને નમો સરસ્વતીના લાભ અંગે, દરેક શાળાઓમાં વૃક્ષારોપણ થાય તેનું પણ આયોજન કરવા જણાવાયું હતું..

લાભાર્થી વિદ્યાર્થીનીઓને તે જ દિવસે લાભ મળી રહે, તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન,શાળા સંચાલકની બેઠક સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરાઈ હતી. તેમણે સ્કૂલ વાનમાં અભ્યાસ માટે આવતા બાળકોની સલામતી બાબતે જરૂરી સૂચનાઓ આપી હતી.

પંચમહાલ જિલ્લામાં કુલ ૧ હજાર ૬૨૧ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ઉજવણી કરાશે જેમાં ૧ હજાર ૩૮૨ પ્રાથમિક તથા ૨૩૯ માધ્યમિક શાળાઓનો સમાવેશ થાય છે આ માટે અંદાજીત ૧૭૮ રૂટમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવશે.

-----------------------------------------------------------------------

- પીટીસી – પંચમહાલ ---હર્ષલ પંડ્યા -(નવીન)

# ABHIYARANY PRATIBANDH

ચોમાસા દરમ્યાન ૧૫ જૂનથી ૧૫ ઑક્ટોબર સુધી ગુજરાતના તમામ અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનોમાં પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે.. ૧૬ ઓક્ટોબરથી તમામ અભયારણ્યો તેમજ રાષ્ટ્રીય ઉદ્યાનો પ્રવાસીઓ માટે રાબેતા મુજબ ચાલુ થશે

વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ની કલમ-૨૮ અને ૩૩ની જોગવાઇ મુજબ આ પ્રતિબંધ લદાયો છે.. ભારે વરસાદને કારણે અચાનક પૂર અને ચક્રવાત જેવી પરિસ્થિતિ સર્જાયો તો તેની તકેદારીના ભાગરૂપે આ જાહેરનામું પ્રસિધ્ધ કરાયું હતું..

પંદર જૂનથી 15 ઓક્ટોબરના સમયગાળો અનેક પક્ષીઓ, સસ્તન પ્રાણીઓ, સરીસૃપ વગેરે પ્રજાતિઓ માટે પ્રજનનકાળ હોય છે.., જેમાં અવરોધ થવાની શક્યતાને ધ્યાનમાં લેતાં પ્રતિબંધ અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવા અંગે સૂચના આપવામાં આવી છે.

૧૬ ઓક્ટોબરથી તમામ અભયારણ્યો તેમજ રાષ્ટ્રીય ઉદ્યાનો પ્રવાસીઓ માટે રાબેતા મુજબ ચાલુ કરવાના રહેશે, એમ પણ રાજ્યના ચીફ વાઇલ્ડ લાઇફ વોર્ડન એન. શ્રીવાસ્તવની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

-------------------------------------------------------------------

- અખબારી યાદી--- હર્ષલ પંડ્યા

-(નવીન)

# Soil health card –mahisagar

મહીસાગર જિલ્લામાં સોઇલ હેલ્થ કાર્ડ યોજના અંતર્ગત  માટીના નમૂના લેવાની  કામગીરી કરવામાં આવી રહી છે..

મહીસાગર જિલ્લામાં જમીનમાં તત્વોની ઉણપ જાણવા સોઇલ હેલ્થ કાર્ડ યોજના 2024-25 અંતર્ગત માટીનું પૃથક્કરણ કરાવવા દરેક ગામમાંથી માટીના નમૂના લેવાની કામગીરી કરવામાં આવી રહી છે.

(બાઇટ-સાજીદ વ્હોરા મદદનીશ ખેતી નિયામક મહીસાગર)

ઉલ્લેખનીય છે કે, સોઇલ હેલ્થ કાર્ડ દ્વારા ખેડૂતોને જમીનમાં કયા પોષક તત્વોની હાજરી છે તેમજ કયા પોષક તત્વોની ઉણપ છે તેની માહિતી મળે છે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

ડીડી,મિત્તલ,(પ્રવિણ)

# ABVP KAROBARI

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની રાષ્ટ્રીય કાર્યકારી પરિષદની બેઠકનો સૂરતમાં પ્રારંભ થયો છે.

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની રાષ્ટ્રીય કાર્યકારી પરિષદની બેઠકમાં પાંચ મહત્વપૂર્ણ પ્રસ્તાવોની ચર્ચા થઇ હતી. આ પ્રસ્તાવો માં રાષ્ટ્રીય શિક્ષણનીતિનું ક્રિયાન્વયન, પેપર લીકની સમસ્યાઓઓ, નેક સાથે સંકળાયેલી સમસ્યાઓ, શૈક્ષણિક સંસ્થાઓ ના માળખાગત વિકાસ માટે, વિકાસશીલ ભારત મા યુવાઓની ભાગીદારી, નવનિર્મિત સરકાર સાથે જન અપેક્ષાઓ જેવા મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી.. બે દિવસ સુધી ચર્ચા કર્યા બાદ ૯ જૂન ના રોજ આ પ્રસ્તાવો ને મંજૂર કરવામાં આવશે.

નવમી જૂન સુધી ચાલનારી આ બેઠકમાં એબીવીપીના દેશભરના પાંચસોથી વધુ પ્રતિનિધિઓ ભાગ લઇ રહ્યાં છે..

---

- પીટીસી- સુરત ---હર્ષલ પંડ્યા

-(નવીન)